# ચિંતા : શહેરમાં કોરોનાનો વધુ એક કેસ

## સે. ૮ માં ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં કોરોનાના કેસની સંખ્યા ૨૦ થઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના નવા કેસોની સંખ્યા વધીને ૨૦ થઈ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. જો કે નવા કેસો નવા સેક્ટરોમાંથી જ મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી છે. શહેરમાં આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરના સે. ૮ માંથી આજે કેસ મળી આવેલ છે. ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ ગૃહીણીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે અને તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કેસો છુટા છવાયા મળી રહ્યા છે. શહેરમાં મળેલા કેસોમાં ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓની સંખ્યા વધુ છે. જો કે દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોય તો કોરોનાના લક્ષણો માઈલ્ડ જોવા મળી રહ્યા છે.

આજે નોંધાયેલ મહિલા દર્દીને શરદી, તાવ હોવાને કારણે ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન સાથે ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે નગરજનોને જણાવ્યુ છે. તંત્રએ હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમના અમલ માટે તંત્રને સૂચનાઓ આપી છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન પર ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

શહેરમાં હાલ ૮ જેટલા કેસ એક્ટીવ છે અને તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# સિવિલ હોસ્પિટલના યુઝર ચાર્જીસમાં વધારાનો નિર્ણય કરવા કમિટી રચાઈ

## આરોગ્યના અધિક મુખ્ય સચિવની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં ડ્રેનેજ, પાણી, લીકેજીસ સહિતના પ્રશ્નો તેમજ સ્વચ્છતા અને રેડિયોલોજીના પ્રશ્નો અંગે ગંભીર ચર્ચાઓ થઈ

ગાંધીનગર, તા. ૧૦

રોગી કલ્યાણ સમિતિએ યુઝર ચાર્જમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો કરવા કરેલી ભલામણ પર વિચારણા કરવા આજે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રોગી કલ્યાણ સમિતિની આજે અધિક મુખ્ય સચિવના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં યુઝર ચાર્જમાં વધારો કરવાની દરખાસ્ત રજુ કરાઈ હતી જે અંગે સભ્યોએ વિરોધ કરી સમિતિની રચના કરવા અને અન્ય હોસ્પિટલોની તુલનામાં અભ્યાસ કર્યા પછી નિર્ણય કરવામાં આવે તેવો આગ્રહ રાખ્યો હતો.

પાંચ ઉચ્ચ અધિકારીઓની સમિતિ રચવામાં આવી છે જેમાં બે અધિક નિયામક કક્ષાના અધિકારીઓ, એક નાયબ સચિવ તેમજ સિવિલ સુપ્રિટેન્ડન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આજે મળેલી આ બેઠક એક કલાકથી પણ વધુ સમય સુધી ચાલી હતી. જેમાં આર.ડે.એસ.ની સેવાઓ વધુ ને વધુ દર્દીલક્ષી બને તેનો આગ્રહ સેવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં દાખલ દર્દીઓની મુલાકાતે આવતા મુલાકાતીઓ માટે પાસ પ્રથા અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજે મળેલ આ બેઠકમાં સિવિલ હોસ્પિટલ સંકુલની સ્વચ્છતા, ડ્રેનેજ અને પાણી લીકેજીસ સહિતના મુદ્દાઓ પર ખુબ જ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી એટલુ જ નહિ આ બાબતે નિયમિત મોનીટરીંગ થાય તે જોવા પણ કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલમાં એમ.આર.આઈ. સીટી સ્કેન સહિતની સુવિધાઓ કાર્યરત બને તેમજ આ માટે રેડિયોલોજીસ્ટ સાથે જરૂર પડ્યે એમ.ઓ.યુ. કરી અને સેવાઓ સઘન કરવા જણાવવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં રોગી કલ્યાણ સમિતિના કર્મચારીઓના પગારમાં વધારો કરવા અંગેનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આસિ. હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરની નિમણુંક કરવા સાથે ફાયર એન.ઓ.સી. માટે ત્રણ ફાયરમેનોની ભરતી કરવાને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સેવાઓમાં સુધારો વધુ થાય તેના પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો તેમજ સ્વચ્છતા માટે પણ અસરકારક મોનીટરીંગ સાથે સ્વચ્છતા જળવાઈ રહે તે જોવા જણાવાયુ હતુ.

આ બેઠકમાં ડાયાલીસીસ સેવાઓની વિગતો પર ચર્ચા થઈ હતી. જેમાં ચાલુ વર્ષે નવેમ્બર-૨૧ સુધી ૮૪૩૩ દર્દીના ડાયાલીસીસ સેશન થયાનું જણાવાયુ હતુ. સિવિલ હોસ્પિટલમાં ૩૧ મી નવે. સુધી ૩૩,૬૭,૨૪ દર્દીઓની ઓ.પી.ડી. સારવાર આપવામાં આવી હોવાનું તેમજ એપ્રિલ-૨૦ થી અત્યાર સુધીમાં ૨,૪૯,૮૬૮ લોકોના કોરોનાની મહામારીમાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યાની વિગતો રજુ કરાઈ હતી.

# મુખ્યમંત્રી ૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન ઉત્તરપ્રદેશના પ્રવાસે

## 'ભવ્ય કાશી દિવ્ય કાશી' અભિયાન અંતર્ગત દેશના ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને આમંત્રણ, વડાપ્રધાન સાથે બેઠક પણ થશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દુબઈથી આવ્યા પછી હવે ઉત્તરપ્રદેશના પ્રવાસે જવાના છે. આ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાષ્ટ્રીય ભાજપે દેશના ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને ઉત્તરપ્રદેશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે, જેના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી ૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન પ્રવાસ કરશે.

દિવ્યકાશી-ભવ્ય કાશી કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને ઉત્તરપ્રદેશ જવાનો આદેશ કરવામાં આવ્યો છે. ૧૪મી ડિસેમ્બરે વારાણસીમાં પાર્ટી એક સંમેલનનું આયોજન કરી રહી છે જેમાં મુખ્યમંત્રી ઉપરાંત નાયબ મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ ઉપસ્થિત રહેવાના છે. આ ત્રણ દિવસ દરમ્યાન વારાણસીમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના અધ્યક્ષ તેમજ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક પણ કરવાના છે.

ભાજપના આ ટોચના નેતાઓ વારાણસીમાં ગંગા આરતીનો લાભ લેશે, એ ઉપરાંત અયોધ્યાના રામમંદિરના દર્શને પણ જશે. દિવ્ય કાશી ભવ્ય કાશી અભિયાન ૧૩મી ડિસેમ્બર થી ૧૪મી જાન્યુઆરી સુધી યોજાવાનું છે. આ તમામ તૈયારી ચૂંટણીલક્ષી હોવાનું સૂત્રો જણાવે છે. અભિયાનના પ્રથમ દિવસ વડાપ્રધાન કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્દઘાટન કરશે.

વારાણસીમાં ૧૪મી ડિસેમ્બરે કુલ ૧૨ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ નાયબ મુખ્યમંત્રીઓનું સંમેલન યોજનાર છે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી પણ સામેલ હશે. સૂત્રોએ જણાવ્યું હતુ કે કાશી વિશ્વનાથ ધામના લોકાર્પણ પછી તમામ મુખ્યમંત્રીઓને ૫૧ શિવ મંદિરોના દર્શન કરાવવામાં આવશે. વારાણસીમાં આ મંદિરોને વિશેષરૂપથી સજાવવામાં આવ્યા છે. આ કાર્યક્રમોમાં દેશભરના ૩૦૦૦થી પણ વધુ સંતો તેમજ ધર્માચાર્ય ઉપસ્થિત રહેશે. દેશના ૫૧૦૦૦ સ્થાનો પર વારાણસીના તમામ ધાર્મિક કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ કરાશે.



આંબે આવ્યા મ્હોર....

# શહેરના મુખ્યમાર્ગો પર લટકતી વૃક્ષોની તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ

## વાઇબ્રન્ટને અનુલક્ષી નગરના મુખ્ય ઘ, ચ અને ખ માર્ગ પર ટ્રીમીંગની કામગીરી શરૂ : વનતંત્રના ૨૫ મજુરોની ટીમ તેમજ કોર્પોરેશનના મશીનની મદદથી ટ્રીમીંગનુ કામ પુર્ણ કરાશે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં વરસાદી દિવસોના અંતે પણ વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જેના લીધે સેકટરોમાં વૃક્ષોની લટકતી ડાળીઓ વાહનો તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશ બની છે. વનતંત્ર પાસે મેનપાવરનો પણ અભાવ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્ય માર્ગો પર ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરના ઘ, ચ અને ખ માર્ગ પર લટકતી વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે ૨૫ મજુરોની ટીમ કામે લાગી છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના માર્ગોની સુધારણા તેમજ બ્યુટિફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓ હરિયાળી વનરાજીથી ઘેરાયેલી છે. જયારે વરસાદી દિવસોના અંતે લાંબા સમય બાદ પણ શહેરમાં ટ્રીમીંગની કામગીરી થઇ નથી જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ અવરોધરૂપ બની છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને વિટળાયેલી આ ડાળીઓના લીધે માર્ગો પર પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી જયારે વાહનચાલકો માટે પણ આડશ બની રહી છે. મુખ્યમાર્ગો પર પણ આવી સ્થિતિ છે. મુખ્યમાર્ગો પર મુકવામા આવેલા સાઈનબોર્ડસ તેમજ બસ સ્ટોપ અને ફુટપાથ પર લટકતી વૃક્ષોની ડાળીઓ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બની છે. સેકટરોને જોડાતા ફુટપાથના નેટવર્ક માટે પણ વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ બની છે જેના લીધે વોકીંગ કરનારાઓને અડચણ ઉભી થાય છે. આ સ્થિતિના અંતે વાઈબ્રન્ટ ટાંણે વનતંત્ર દ્વારા શહેરના મુખ્ય ઘ,ચ અને ખ માર્ગને અનુલક્ષી ટ્રીમીંગની કામગીરી શરૂ કરી છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં એકબાજુ માર્ગ સુધારણા , ફુટપાથનુ રીપેરીંગ અને કર્બિંગને કલર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ લગાવી રસ્તાઓની રોનક નિખરે તે માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે વનતંત્રએ વાઈબ્રન્ટને અનુલક્ષી જરૂરી રૂટમાં ટ્રીમીંગનુ કામ હાથ ધર્યુ છે. જેમાં મુખ્ય ચ , ઘ અને ખ માર્ગને અનુલક્ષી ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રીમીંગ થયુ નથી જયારે માર્ગો પર સ્થિત સાઈન બોર્ડસને પણ કેટલાક ઠેકાણે વૃક્ષની ડાળીઓ ઘેરી વળી છે. જે દુર કરવા માટે ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માટે કોર્પોરેશનના મશીન સહીત વનતંત્રના ૨૫ મજુરોની ટીમ કામે લાગી છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ થાય તે માટે પણ વારંવાર રજુઆતો કરવામાં આવી રહી છે. પરંતુ વરસાદી દિવસોના ચાર મહીનાના અંતે પણ શહેરમાં ટ્રીમીંગની કામગીરી પુર્ણ રીતે થઈ નથી બીજીતરફ વનતંત્ર પાસે મેનપાવરનો પણ અભાવ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે સેકટરોમાં પણ ટ્રીમીંગનુ કામ ઝડપથી થાય તેવી માંગણી પણ પ્રબળ બની છે.

# પ્રધાનમંત્રી સ્વનિધિ સહાયની અરજીઓના ઝડપી નિકાલ માટે તાકીદ

## આજની બેઠકમાં ગેરહાજર એસ.બી.આઈ.ને નોટીસ

ગાંધીનગર, તા. ૧૦

પ્રધાનમંત્રી સ્વનિધિ સહાય યોજનામાં બેંકોની ઉદાસીનતા સામે આકરા પાણીએ થયેલ મહાનગરપાલિકાએ આજે બોલાવેલી બેંકર્સની બેઠકમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ગેરહાજરી અંગે નોંધ લઈ મનપાએ નોટીસ ફટકારી છે.

પ્રધાનમંત્રી સ્વનિધિ સહાય યોજનામાં અરજીઓના નિકાલમાં બેંકો દ્વારા દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા અંગે છેલ્લા ઘણા સમયથી બેંકોને આ અરજીઓના નિકાલ માટે વારંવાર કહેવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં ૬૦૦ થી વધુ અરજદારોની અરજીઓ હજુ પણ નિકાલ વગરની છે. આ માટે મહિનાની શરૂઆતમાં બેંકર્સ સાથે બેઠક યોજી ઝડપી નિકાલ કરવા માટે જણાવ્યુ હતુ.

આ પછી તેમાં યોગ્ય અમલીકરણ અને નિકાલ ના થતાં આજે પુનઃ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાની લીડ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિની ગેરહાજરીથી મનપાના તંત્રએ ગેરહાજરી અંગે નોંધ લઈ નોટીસ આપી છે.

આજની આ બેઠકમાં અરજીઓનો નિકાલ એક સપ્તાહમાં થઈ જાય તે માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

આજે આ બેઠક નાયબ મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે યોજાઈ હતી. જેમાં મનપાના અધિકારીઓ તેમજ બેંકોના ૧૦ થી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

# શહેરની ફુટપાથ પર હવે નીલગાયનો અડ્ડો : માર્ગ સલામતી સામે નવુ જોખમ

## અત્યાર સુધી વન આરક્ષિત વિસ્તારમાં ફરતી નીલગાય હવે ફુટપાથ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વધુ રખડતી જોવા મળે છે જેના લીધે ગમે ત્યારે મર્ગ અકસ્માત સર્જાય તેવી દહેશત

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યાનો અંત આવ્યો નથી ત્યારે રખડતા ગાય કુતરા સાથે હવે સેકટરોમાં માર્ગ વચાળે તેમજ ફુટપાથ પર સતત રખડતી જોવા મળતી નીલગાયના લીધે માર્ગ સલામતી સામેનુ જોખમ વધ્યુ છે. સેકટરોના ઉભા આડા માર્ગો તેમજ સેકટરોના એપ્રોચ પાસે રખડતી નીલગાય વારંવાર માર્ગો પર કુદીને આવતા વાહનચાલકો પણ મુંઝવણમાં મુકાયા છે રખડતી નીલગાયને પકડવા અગાઉ હાથ ધરાયેલી ઝુંબેશ પણ અડધેથી આટોપી લેવામાં આવી હતી ત્યારે હવે નાગરિકો માટે જોખમી બનતી નીલગાયને દુર કરવા માટે યોગ્ય પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.




ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ વર્ષોના અંતે પણ શહેરી દાયકાઓ જુની સમસ્યા હજુ યથાવત છે. જેમાં રખડતા ઢોરનો પ્રશ્ન મુખ્ય છે. સેકટરોમાં હાલ પણ મુખ્યમાર્ગોની વચાળે , શાકમાર્કેટ તેમજ કોમન પ્લોટમાં રખડતા ઢોર ફરતા જોવા મળે છે. જયારે રખડતા ઢોરની આ સમસ્યાના લીધે ઘણીવાર નાગરિકોને ઈજા થઇ હોવાના પણ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. બીજીતરફ ગાંધીનગરમાં રખડતા ગાય અને કુતરાની સાથે નીલગાયનુ પ્રમાણ પણ વધુ છે. જેના લીધે માર્ગ સલામતી સામે વિશેષ જોખમ ઉભુ થયુ છે. અગાઉ વનતંત્રએ નીલગાયને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ કોઈકારણોસર આ ઝુંબેશ પડતી મુકવામાં આવતા હાલ પણ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના વન આરક્ષિત વિસ્તાર અને ફુટપાથ પર રખડતી નીલગાય જોવા મળે છે. નીલગાયના લીધે અનેકવાર અકસ્માતો થાય છે. શહેરમાં ૩૦૦ થી વધુ નીલગાય હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જયારે નીલગાય અચાનક જ માર્ગ વચાળે દોડી આવતા વાહનચાલકો માટે વધુ જોખમી સ્થિતિ ઉભી થાય છે. શહેરમાં એકબાજુ વાઈબ્રન્ટ સમિટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરને રૂપાળુ બનાવવા માટે તબક્કાવાર અવનવા કામો

● અનુસંધાન પાન-૭ પર

# ચોમાસાની વરસાદી ઘટ પછી હવે રવિ સીઝનની વાવણીમાં પણ ઘટ

## જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૬૯ હજાર હેક્ટરમાં થયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ચોમાસામાં વરસાદની ઘટને ધ્યાને રાખી આ વખતે રવિ સીઝનના વાવેતરમાં ઘટ રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૦ ટકાથી વધુ વાવેતર સંપન્ન થઈ ગયુ છે. જો કે હવે વધુ વાવેતર થવાની શક્યતાઓ નહિવત્ છે.

ચોમાસાની મોડી વિદાય પછી શિયાળાનું આગમન પણ મોડુ થયુ છે. શિયાળાની ઠંડી હજુ જોઈએ તેવી જામી નથી. આ વખતે વરસાદની ઘટ શ્રમિકોની અછત તેમજ મોંઘા બિયારણને પગલે રવિ સીઝનના વાવેતરમાં પણ ખેડૂતોએ થોડોક ઓછો રસ દાખવ્યો છે.

આ વખતે રવિ સીઝનના વાવેતરમાં ખેડૂતોએ તેમની પરંપરાગત પાક વાવેતર પેટર્નમાં પણ બદલાવ કર્યો છે. ઓછા પાણીએ થતા પાકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જિલ્લામાં ઠંડીનું વાતાવરણ જામ્યુ નથી એટલે મુખ્ય પાક ગણાતા ઘઉંના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો થયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વખતે રવિ સીઝનનું ૬૯૫૯૨ હેક્ટરમાં વાવેતર થયુ છે. દહેગામમાં ૧૮૫૦૯ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૯,૧૦૫ હેક્ટરમાં, કલોલમાં ૧૦ હજાર હેક્ટરમાં અને માણસામાં ૨૧,૯૩૭ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ઘઉંનું વાવેતર ૨૩,૬૮૬ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૨૩૭ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૧૫૧૩ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૬૨૯ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૪૪૮૫ હેક્ટરમાં, જીરૂનું વાવેતર ૨ હેક્ટરમાં, લસણનું વાવેતર ૨ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૮૫૭ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૧૧,૭૧૬ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૬૯૦૯ હેક્ટરમાં તેમજ ઘાસચારાનું વાવેતર ૧૮૫૪૪ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં જીરૂ અને લસણની ખેતીનો નવો પ્રયોગ થયો છે. કલોલમાં વાવેતર ઓછુ થયુ છે.

દરમ્યાન જિલ્લામાં ૧૧ થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન મહત્તમ તાપમાન ૨૯-૩૦ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૫-૧૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૫ થી ૪૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૨ કિમી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે તેમ કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનમાં જણાવાયું છે.

# આગથી ક્ષતિગ્રસ્ત થયેલ કચેરીની સ્વચ્છતા સહિતની કામગીરી કરવા પ્રમુખનો આદેશ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આગની દુર્ઘટના બન્યા પછી આજે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આગની બનેલ ઘટનાવાળી કચેરીની મુલાકાત લીધી હતી.

આજે તેમણે આ મુલાકાત બાંધકામ વિભાગના અધિકારીઓને સાથે રાખી કરી તાત્કાલિક સફાઈ સહિતની કામગીરી કરવા માટે સૂચનાઓ આપી હતી જેથી કર્મયોગીઓને બેસવા માટેની તકલીફ હળવી બને.

પ્રમુખે આજે મુલાકાત દરમ્યાન જે રેકર્ડ બચી ગયુ છે તે પણ જે તે શાખાને સુપ્રત કરવા સહિત મરામતની કામગીરી જે કરવા પાત્ર થતી હોય તે પણ તાત્કાલિક હાથ ધરવા માટે જણાવ્યુ હતુ.

જિલ્લા પંચાયતમાં દિપાવલી પર્વ પછી તુરત જ આગની દુર્ઘટના

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com